# મહે. એડી. ચીફ જયુડી મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.લીમખેડા

**ફોજદારી કેસ નંબર:- ૧૦૯૨/૨૦૨૬**

**આંક:-**

શ્રી સરકાર .... ફરીયાદી

**વિરુધ્ધ**

**કોકીલાબેન મહેશભાઈ ચૌહાણ** ....આરોપી

**ગુન્હો :- પ્રોહી એકટની કલમ ૬૫ એ એ મુજબ**

**-: ઠરાવ:-**

૧) આ કામના આરોપી સામે હાલના ગુન્હા સબબ ફરીયાદ કરાવામાં આવેલ હતી. અને તપાસના અંતે સદર ગુન્હાનું ચારજશીટ રજુ કરવામાં આવ્યું છે. આરોપીને સમન્સ કાઢતા આરોપી હાજર થતાં. આરોપીને તેની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ. કલમ - ૨૩૦ મુજબ વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હોવાની ખાત્રી કરી. આરોપી ધ્વારા ગુન્હો કબુલ કર્યા અંગેની પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. તેથી આરોપીની પ્લી રેકર્ડ કરાવામાં આવતાં આરોપીએ સ્વીચ્છાએ ગુન્હો કબુલ કર્યો છે. અને રજુઆત કરી છે કે, તેઓની શુધ્ધબુધિધની શરતચુક થઇ જવા પામી છે. ગુન્હો કર્યો બાદ તેને પારાવાર પસ્તાવો થાય છે, તેનો આ પ્રથમ ગુન્હો છે. આરોપી પ્રત્યે સજા ભોગવવાનો હુકમ કરવામાં દયા દાખવતા તેણે રજુઆત કરી છે. આરોપીએ રજુ કરેલ ગુન્હા કબુલાતી પુરશીશની હકીકતો તેને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવી. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી, ગુન્હો કબુલ કરવાથી કાયદાથી નકકી થયેલ સજા, દંડ ભોગવવાનો તેને હુકમ કરી શકાય છે તેવી સ્પષ્ટ સમજ આપવામાં આવી છે. આરોપી સ્વૈચ્છીક સ્વૈચ્છીક રીતે કબુલાત કરતા હોય તેની કબુલાત આ અદાલતે સ્વીકારેલ છે. જેથી આરોપીની સ્વૈચ્છીક કબુલાત, ગુન્હાની સજા તથા કેસના સંજોગો વિગેરે ધ્યાને લેતાં, આરોપીની

સ્વૈચ્છીક કબુલાત ગ્રાહય રાખી નીચે મુજબ હુકમ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવા નિર્ણય ઉપર આવી ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરૂં છું.

**<u>-: હુકમ:-</u>**

૧) આ કામના આરોપી કોકીલાબેન મહેશભાઈ ચૌહાણનાઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ - ૨૭૫ મુજબ પ્રોહી એકટની કમલ - ૬૫ એએ ના ગુન્હા સબબ રૂપિયા ૨૦૦- દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન - ૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીન તથા મુચરકા રદ કરવા.

આજરોજ તારીખ, ૧૪મી, માહે: માર્ચ સને: ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :- ૧૪/૦૩/૨૦૨૬

સ્થળ :- લીમખેડા

(મહેમુદ ઉસ્માન કુરમાની)
U.Id.code no. GJ01012
એડી. ચીફ જયુડીશીયલ મેજી.,
લીમખેડા.